**આધાર:–** (૧) ચેરમેન સાહેબ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કમીટી અને ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટની કચેરીના નોટીફિકેશન નંબર–૫/૨૦૨૧, તારીખ–૦૩/૦૯/૨૦૨૧
(૨) કલેકટર અને જીલ્લા મેજિસ્ટ્રેટની કચેરીના તારીખ–૦૯/૦૯/૨૦૨૧

---

**<u>ફોજદારી કેસ નંબર: 1418 / 2007</u>**

**<u>પરવાનગી અરજી અન્વયે હુકમ :–</u>**

સાંભળ્યા, સરકારી વકીલશ્રીની રજુઆત તથા હાલની આ અરજી વંચાણે લીધી, ૨૦ વર્ષ કે તેથી વધુ જુના કેસો પરત ખેંચવાનો નિર્ણય સરકારશ્રી ધ્વારા કરવામાં આવેલ છે અને કલેકટર અને જીલ્લા મેજિસ્ટ્રેટશ્રીની કચેરીના ઉપરોકત આધાર નંબર–૨ માં દર્શાવ્યા મુજબના કેસો તાત્કાલિક તારીખ–૧૧/૦૯/૨૦૨૧ ના રોજ પરત ખેંચવા તેવું જણાવવામાં આવેલ છે.

કેસનું રેકર્ડ જોતા સદર કેસ ૨૦ વર્ષ કે તેથી વધારે જુના કેસ છે, સદર કેસમાં આરોપી ઉપર જે ગુનો છે તેમાં મોત કે આજીવન કેદની સજાને પાત્ર જોગવાઈ નથી, કોઈ ગંભીર ગુનો નથી, ગંભીર સજાની જોગવાઈ ન હોય આરોપી ઉપરનો કેસ બે દાયકા કરતા વધારે જુનો કેસ છે. આવા નેચરના આટલા જુના કેસમાં જયારે સરકાર ધ્વારા સદર કેસ સી.આર.પી.સીની કલમ–૩૨૧ અન્વયે પરત ખેંચવાનો નિર્ણય લેવાયેલ છે અને આ નિર્ણયના અનુસંધાને કલેકટર અને જીલ્લા મેજિસ્ટ્રેટશ્રીની કચેરી અમદાવાદનાઓનો પત્ર તેમજ એ.પી.પી.શ્રીને અરજી તથા તેમની રજુઆત ધ્યાને લેતા ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

**(૧)** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૨૧ અન્વયે અત્રેની અદાલતના ઈન્ચાર્જ સરકારી વકીલશ્રીને આ કેસ પરત ખેંચવાની પરવાનગી આપી વીડ્રોઅલથી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપીને/આરોપીઓને આ કેસમાં જણાવેલ ગુનામાંથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨) <u>મુદામાલ અંગે</u>**

(૧) બીન કીમતી મુદ્દામાલનો અપીલ સમય પુરો થયેથી ધોરણસર નિકાલ કરવો.

(૨) મુદામાલ દારુ નો અપીલ સમયબાદ ધોરણસર નિકાલ કરવો.

(૩) આરોપી જો રોકડ જામીન ઉપર છુટેલ હોય કે આરોપી પાસેથી રોકડા નાણા કબ્જે લીધેલ હોય તો અપીલ સમયબાદ નિયમ અનુસાર સરકાર દાખલ કરવા.

(૪) અદાલતે વચગાળાના મુદ્દામાલ અંગે કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે હુકમને કાયમ કરવામાં આવે છે.

(૫) કબ્જે લેવાયેલ મુદ્દામાલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ ના હોય અને કબ્જે લેવાયેલા મુદ્દામાલની કિંમત ઉપજી શકે તેમ હોય તો આવો મુદ્દામાલ અપીલ સમય પુરો થયા પછી ધોરણસર નીકાલ લાવી ઉપજેલ નાણા સરકાર દાખલ કરવા.

–ચેરમેનશ્રી વ.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીના કચેરી આદેશ મુજબ આજરોજ સ્પેશ્યલ મેજીસ્ટ્રેયલ સીંટીગ નું આયોજન કરવામાં આવેલ છે આથી આ હુકમ આજ રોજ યોજવામાં આવેલ આ સ્પેશીયલ મેજીસ્ટ્રેયલ સીટીંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી લખી સંભળાવી જાહેર કરવામાં આવેલ છે.

તારીખ:–૧૧–૦૯–૨૦૨૧
સ્થળ :–અમદાવાદ.

(દિલીપસિંહ ભાવસિંહજી ગોહીલ)
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નંબર–૧૯, અમદાવાદ.
**(GJ00757)**